# ' સંપર્ક '

## સારસ્વતમ્ સંસ્થાનું મુખપત્ર

सारस्वतम

प्रज्वलतु ज्ञानदीप:

**જુલાઈ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૫**

:: તંત્રી અને સંપાદકશ્રી ::


**શ્રી રસેશ વી.રાવલ**

આચાર્યશ્રી,

સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ

બાડા, તા. માંડવી-કચ્છ.

મોબાઈલ નંબર : ૮૪૬૯૪ ૩૭૯૪૯

**સહ સંપાદક – શ્રીમતી ખ્યાતિબેન એસ.સાધુ**

મોબાઈલ નંબર : ૯૦૯૯૫ ૫૭૪૧૭


:: સંસ્થાનું સરનામું ::


**સારસ્વતમ્**

પો.બો.નં.૦૭, જૂની પોસ્ટ ઓફિસ રોડ,

માંડવી-કચ્છ. ૩૭૦ ૪૬૫. ફોન નં. ૨૨૩૦૧૭

E-mail : saraswatam@gmail.com

# તંત્રી લેખ

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विधते ।

સુજ્ઞ વાચક મિત્રો,

આપ સૌ કુશળ હશો.

આપ સૌને નવા સત્રની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

આ અંક આપના કરકમળમાં મૂકતા હર્ષની લાગણી અનુભવું છું. આ અંક સંસ્થાને મળેલ દાનની વિગત, વૃક્ષારોપણ પ્રોજેકટ, ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે દ્વારા છસરા હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ, શિક્ષકદિન ઉજવણીનો અહેવાલ, વ્યકિતત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર, રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા, સંસ્થાના પૂર્વ છાત્ર શીરૂ અનીશ મામદભાઈની રણજી ટ્રોફીમાં પસંદગી, જિલ્લા કક્ષાની કિવઝમાં નિરોણા હાઈસ્કૂલની જવલંત સફળતા, તે ઉપરાંત સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નિતિનભાઈને કેપિટલ ફાઉન્ડેશન દિલ્હી દ્વારા 'એટર્ની જનરલ સોલી સોરાબજીનો પ્રતિષ્ઠિત એવોર્ડ', બાડા હાઈસ્કૂલના આચાર્ય રસેશભાઈ રાવલને મળેલ ' જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ' વગેરે વિગતોથી માહિતીસભર છે.

દીપોત્સવના પ્રસંગે આ વિશેષાંક પ્રકાશિત કરતા આનંદ, શુભ દિપાવલી પ્રસંગે અને નૂતનવર્ષના મંગલમયી પ્રભાતે સર્વેને હાર્દિક શુભ કામના.....

**રસેશ રાવલ**
તંત્રીશ્રી

## આ અંકમાં

**❋ સંસ્થા સમાચાર :-**


૧. શ્રી નિતીનભાઈ ઠકકર - વરિષ્ઠ વકીલ, પ્રમુખ બોમ્બે બાર એસોસિયેશન.
૨. સારસ્વતમ્નું ગૌરવ - શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ.
૩. વિદ્યાર્થીઓ, શિક્ષકમિત્રો તથા આચાર્યશ્રીઓની તેજસ્વીતાના ઓવારણા લેવાયા.
૪. શ્રધ્ધાસુમન.
૫. ખાવડા હાઈસ્કૂલ અહેવાલ.
૬. શિરવા હાઈસ્કૂલ અહેવાલ.
૭. માન. પ્રમુખશ્રીની અલગ-અલગ શાળાઓમાં મુલાકાત.
૮. સારસ્વતમ્ સંચાલિત છસરા હાઈસ્કૂલ અહેવાલ
૯. વરસાદી પાણીના સંગ્રહ - ખાતમુહૂર્ત - ખાવડા હાઈસ્કૂલ
૧૦. નિરોણા હાઈસ્કૂલની સિધ્ધિ.
૧૧. મસ્કા હાઈસ્કૂલની અલગ-અલગ પ્રવૃતિઓ.
૧૨. શિરવા હાઈસ્કૂલના પૂર્વ છાત્રની સિધ્ધી.
૧૩. રક્ષાબંધન ઉજવણી.
૧૪. ડોનેશન વિગત
૧૫. પ્રતિભાવ
૧૬. ડોનેશનની નમ્ર અપિલ

## શ્રી નિતિનભાઈ ઠક્કર
## વરિષ્ઠ વકીલ, પ્રમુખ બોમ્બે બાર એસોસિએશન

શ્રી નિતિનભાઈ જી. ઠકકર સારસ્વતમના ઉપપ્રમુખ પદે બિરાજમાન છે તથા મહારાષ્ટ્રની અનેક વિધ સંસ્થાઓમાં પોતાનું પ્રદાન આપી રહયા છે.



કાનૂની ન્યાયશાસ્ત્ર અને બાર નેતૃત્વમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ, શ્રી નિતિનભાઈ ઠક્કરને માનનીય ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહ દ્વારા ન્યાયાધીશ એ. કે. પટનાયકની વિશિષ્ટ ઉપસ્થિતિમાં એટર્ની જનરલ સોલી જે. સોરાબજી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ સારસ્વતમ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

નિતિનભાઈ ઠક્કર ૫૮ વર્ષથી વધુ સમયથી બોમ્બે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી રહેલા એક વરિષ્ઠ વકીલ છે. બેંકિંગ કાયદામાં નિષ્ણાત એક પ્રતિષ્ઠિત વાણિજ્યિક વકીલ, તેઓ મધ્યસ્થી તરીકે પણ સેવા આપે છે. તેઓ ૨૦૨૧ થી બોમ્બે બાર એસોસિએશન (BBA) ના પ્રમુખ છે.

નિતિનભાઈએ વકીલના ત્રણ આવશ્યક ગુણો અપનાવ્યા છે: ઉદ્યોગ, બુદ્ધિ અને પ્રામાણિકતા મૂલ્યો જે તેમણે તેમના માર્ગદર્શક અનિલ દિવાન પાસેથી શીખ્યા.

તેમના પ્રમુખપદ દરમિયાન મોટા સુધારા થયા છે, જેમાં દરેક સમિતિમાં ઓછામાં ઓછી પાંચ મહિલાઓને ફરજિયાત બનાવવા માટે એસોસિએશનના નિયમોમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે, જે લિંગ અસંતુલનને દૂર કરે છે. તેમણે ભૂતપૂર્વ BBA ન્યાયાધીશોની વાર્તાઓ દર્શાવતો ભારતનો પ્રથમ બાર એસોસિએશન પોડકાસ્ટ શરૂ કર્યો અને યુવા વકીલો માટે હિમાયત તાલીમનું આયોજન કર્યું. તેમણે મલેશિયામાં BBAના રમતગમત પ્રતિનિધિમંડળનું પણ નેતૃત્વ કર્યું, જેનાથી આંતરરાષ્ટ્રીય કાનૂની મિત્રતાનો વિકાસ થયો.

તેમણે ધ બોમ્બે હાઈકોર્ટ - ધ સ્ટોરી ઓફ ધ બિલ્ડીંગ (૧૮૭૮-२००3) પ્રકાશિત કરતી હાઈકોર્ટ સમિતિમાં સેવા આપી હતી. અગાઉ, ઉપપ્રમુખ તરીકે, તેમણે બીબીએના ઇતિહાસની ઉજવણી કરતી સ્મારક ગ્રંથ લેગસીના નિર્માણમાં મદદ કરી હતી અને તેની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. લગભગ બે દાયકાથી, તેઓ કે. ટી. દેસાઈ મેમોરિયલ લેક્ચર કમિટીના સભ્ય છે.

તેમના ઉત્કૃષ્ટ યોગદાનને ૨૦૨૩માં એટર્ની જનરલ શ્રી આર. વેંકટરામણી દ્વારા અર્પણ કરાયેલ વકીલ દિવસ પુરસ્કારથી માન્યતા આપવામાં આવી હતી. ૨૦૨૫માં, તેમણે સુપ્રસિદ્ધ ન્યાયશાસ્ત્રીના વારસાને માન આપવા માટે સ્થાપિત પ્રથમ ફલી નરીમાન મેમોરિયલ લેક્ચરનું આયોજન કર્યું હતું - જે શ્રી બી.આર. ગવઈ, જે હવે ભારતના મુખ્ય ન્યાયાધીશ છે, દ્વારા આપવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સ્તરે, નિતિનભાઈએ LAWASIA અને AIJA પરિષદોમાં પેપર્સ રજૂ કર્યા છે. AIJA ની કારોબારી સમિતિમાં સૌથી વધુ મતો સાથે ચૂંટાયા બાદ, નિતિનભાઈને પાછળથી આજીવન માનદ્ ઉપપ્રમુખ તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

તેઓ બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાની એક્ઝિક્યુટિવ કમિટીમાં સેવા આપે છે અને મહારાષ્ટ્ર નેશનલ લો યુનિવર્સિટી (MNLU) સહિત મુંબઈની અનેક લો કોલેજોને સલાહ આપે છે. તેઓ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કાર્યરત વિવિધ શૈક્ષણિક અને સામાજિક NGO સાથે પણ સંકળાયેલા છે.




(શ્રી નિતિનભાઈ ને કેપિટલ ફાઉન્ડેશન દિલ્હી દ્વારા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કોટિશ્વર સિંહના હસ્તે એટર્ની જનરલ સોલી સોરાબજીનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આપણા બધા માટે ગર્વની ક્ષણ છે.)

# સારસ્વતમ્‌નું ગૌરવ

સારસ્વતમ્ સંચાલિત બાડા હાઇસ્કૂલ – બાડા તા. માંડવી – કચ્છ ના આચાર્યશ્રી રસેશભાઈ વસંતભાઈ રાવલને જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાજય સરકારનો એવોર્ડ મળ્યો.

શ્રી રસેશભાઈ રાવલ બાડા હાઇસ્કૂલમાં આચાર્ય તરીકે ૧૯/૧૧/૨૦૦૮ થી જોડાયા હતા. પિતાશ્રી વસંતભાઈ રાવલના પગલે ચાલીને શાળા વિકાસમાં એ જ લગનથી લાગી ગયા જે ધગશ અને લગનથી સ્વ. શ્રી વસંતભાઈ લાગ્યા હતા. ગામના મહાજન, શ્રેષ્ઠીઓ, જિ.શિ.કચેરી-ભુજ સાથે એવા જ સંબંધો જાળવીને શાળા વિકાસમાં મહત્વનું યોગદાન આપતા રહયા છે.

શિક્ષણના બહોળા પ્રદાન બદલ કચ્છ જિલ્લામાંથી તેઓની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થઇ અને રાજય સરકારશ્રીનો એવોર્ડ મળ્યો. પાંચમી સપ્ટેમ્બર–૨૦૨૫ ના શિક્ષકદિન નિમિતે તેમનું બહુમાન પદાધિકારીઓ તથા અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું તે બદલ સારસ્વતમ્ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.





## પાંચ દાયકાથી સારસ્વતમ્‌ની જ્યોત પ્રજ્વલિત

## માંડવી ખાતે ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓ – શિક્ષકમિત્રો તથા આચાર્યશ્રીઓની તેજસ્વિતાના ઓવારણાં લેવાયા.

તા. ૨/૦૮/૨૦૨૫ શનિવારના રોજ માંડવીના પ્રીતમભુવન હોલ ખાતે સારસ્વતમ સંચાલિત વીસ શાળાઓનું એસ.એસ.સી. તથા એચ. એસ.સી.માં ૮૦% થી વધુ માર્ક્સ મેળવેલા તથા જે શાળાઓ પણ પોતાનું પરિણામ ૮૦% થી વધુ મેળવેલ છે, તેમના આચાર્ય મિત્રો તથા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા અઘરા વિષયોમાં જે વિષય શિક્ષકશ્રીઓ ૧૦૦% પરિણામ લઇ આવ્યા તેમનું બહુમાન સંસ્થાના અધ્યક્ષા વિજયલક્ષ્મી શેઠ, જિ.શિ. કચેરીના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર વનીતાબેન મહીડા, વી.આર.ટી.આઈ. ના ગોરધનભાઈ પટેલ 'કવિ', સારસ્વતમ નાં માનદમંત્રીશ્રીઓ ડો. વિ. વિજ્યાકુમાર, રાજુભાઈ દિપ્તી, ખજાનચી નર્મદાબેન ઠક્કર તથા સદસ્યશ્રી શિવજીભાઇ આહિર, દિપ્તીબેન રાજુભાઈ, કૈલેશ દોશી, મહેન્દ્ર હુબડા તથા તમામ મંચસ્થોના કર કમળોથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની શરૂઆત સંસ્થા પરિવાર સાથે સંકળાયેલા સ્વ. જેઠાલાલભાઇ ઠક્કર, સ્વ. અનિમેષ રાવલ, સ્વ. લક્ષ્મીકાંત શાહ, સ્વ. હિતેશસિંહ સોઢાને ભાવાંજલી આપી બે મિનિટના મૌન બાદ પ્રાર્થનાથી શરૂઆત કરાઈ હતી. સુંદર પ્રાર્થના સંસ્થાની દરશડી હાઇસ્કૂલની વિદ્યાર્થિનીઓ પ્રિશા, હાર્દિ, મિતલ, તથા તબલા અને હાર્મોનિયમ પર શાળા પરિવારના જ માધુભા જાડેજા અને હિરાલાલ કોલી રહયાં હતાં. ત્યારબાદ દિપ પ્રાગટ્ય મંચસ્થ મહેમાનોની સાથે સંસ્થાની શાળાઓમાંથી પ્રથમ ક્રમ મેળવનાર વેદાંત નમસ્વી (ખાવડા), લુહાર આફરીના( દરશડી) તથા ઠક્કર મયંક (કોડાય) જોડાયા હતા.






પધારેલા સૌ મહેમાનોનું સ્વાગત કરતાં માનદમંત્રી રાજુ દિપ્તીએ જણાવેલ કે આજથી પંચાવન વર્ષ પહેલા કચ્છના અંતરિયાળ ગામોમાં સહ શિક્ષણ સાથે ૨૦ જેટલી શાળાઓ શરૂ કરવી તે શૈક્ષણિક ક્રાંતિ હતી, આદ્ય સ્થાપકો સ્વ.ટી.એમ. શેઠ તથા ઝૂમખભાઈને યાદ કરીને તેમની સેવાઓને બિરદાવી હતી તથા સૌ તેજસ્વી વિદ્યાર્થી મિત્રો, શિક્ષકો, આચાર્યશ્રીઓને અભિનંદન પાઠવેલ હતા. પ્રસંગ પરિચયમાં  સંસ્થાના વહીવટી અધિકારી મુલેશ દોશી એ જણાવેલ કે માર્ચ - ૨૫ એસ.એસ. સી. તથા એચ.એસ.સી. બંને વિભાગમાં સારસ્વતમનું પરિણામ કચ્છ અને ગુજરાત માધ્ય. શિક્ષણ બોર્ડના પરિણામ કરતાં ઉંચું રહ્યું છે જે દર્શાવે છે કે, સારસ્વતમ્ પરિવારે કેટલી મહેનત કરી હશે. મંચસ્થ મહેમાનો નું સ્વાગત જયશ્રી ત્રિવેદી, ડો. વિ.વિજ્યાકુમાર, મહેન્દ્ર હુબડા, કૈલેશ દોશી, પી. આર. સોલંકી વિ. ના કરકમળો થી કરાયું હતું. વી. આર.ટી.આઈ. શિક્ષણ પ્રકલ્પ યોજનાના કોર્ડિનેટર શ્રી ગોરધન પટેલ ‘કવિ’ એ દયાપર હાઇસ્કૂલના પુસ્તકમેળામાં શાળા પરિવારની પ્રતિબધ્ધતા તથા પોતાના કાર્ય પરત્વેની નિષ્ઠા નું ઉદાહરણ આપતાં જણાવેલ કે, કર્મશીલ શાળા પરિવાર જ આવું સુંદર પરિણામ મેળવી શકે. જિ.શિ. કચેરીના વનીતાબેન મહિડાએ જણાવેલ કે,‘ આવો કાર્યક્રમ મેં જોયો નથી. આટલા વિદ્યાર્થીઓ, શિક્ષક મિત્રો તથા આચાર્યશ્રીઓને એક મંચ પર સન્માનિત કરવા એ શુભ પ્રસંગ છે જે પ્રસંગમાં મને હાજરી આપવાનો મોકો મળ્યો તે મારું સદભાગ્ય છે,’ સૌ કર્મશીલો ને અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખ સ્થાનેથી વિજયાબેન શેઠે જણાવ્યું કે સારસ્વતમની શૈક્ષણિક યાત્રા ખૂબ લાંબી છે, ૧૯૬૯-૭૦ થી ૨૦૨૫ આજે પંચાવન વર્ષમાં છીએ તેમાં સૌ ગ્રામજનો, દાતાશ્રીઓ, વાલીઓ, મહાજનો, સરકારશ્રી વિ. તમામનો સહયોગ મળ્યો છે ત્યારે આમારું કાર્ય દીપે છે. વિદ્યાર્થીઓ  ટેકનીકલ શિક્ષણ થી સજ્જ બને તે માટે દરેક શાળામાં સરકારશ્રી – સંસ્થાના સમન્વયથી કોમ્પ્યુટર લેબો કાર્યરત છે.





ઈન્ટરેકટીવ પેનલ બોર્ડ થી તમામ શાળાઓ સજ્જ છે. ધો ૧૧-૧૨ ની શાળાઓમાં વિદ્યાર્થીઓને **"ટેલી" નો** મહાવરો મળી રહે તે માટે, ટેલી ના વર્ગો શરૂ કરાશે. પર્યાવરણ, વિજળી એ માત્ર રાષ્ટ્રીય સમસ્યા નથી પરંતુ વૈશ્વિક સમસ્યા છે. વિજ બચાવ માટે સારસ્વતમની સૌ શાળાઓ સોલાર સિસ્ટમથી સજ્જ બંને તે માટે ગ્રામજનો, દાતાશ્રીઓ તથા સરકારશ્રીને અપીલ કરી હતી. સંસ્થાની માતૃ આશિષ મહિલા ગૃહ – ભુજ તથા બાડા હાઇસ્કૂલ ને સોલારથી સજ્જ કરી લેવામાં આવી છે. બાકીની શાળાઓને પણ સૌના સહયોગથી સજ્જ કરાશે. વૃક્ષારોપણને પાયલોટ પ્રોજેક્ટ તરીકે બે વર્ષ પહેલાં જ અમલી બનાવ્યો છે. ઘણી શાળાઓએ તેમાં સફળતા પણ મેળવી છે, વરસાદી પાણીનાં સંગ્રહ માટે દરેક શાળામાં પ્રોજેક્ટ અપાયો છે જે પૈકી ખાવડા હાઇસ્કૂલમાં વી.આર.ટી.આઈ. એગ્રોસેલના સહયોગથી કાર્ય ચાલુમાં છે, આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય તરીકે નહી પરંતુ એક ભાષા તરીકે ઓળખે અને સ્પોકન અંગેજી વિદ્યાર્થીઓને સરળ બની રહે એ માટે પણ સંસ્થાના પ્રયાસો જારી છે. સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર ફી પણ ભરી શકતા નથી. ટેકનીકલ માણસોના નિભાવ માટે વિદ્યાર્થી દીઠ માસિક રૂ ૨૫૦/- આમ દસ મહિના સુધી એક બાળકને દતક લેવાની અપીલ પણ વિજયાબેને કરી હતી. સુંદર પરિણામ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. આચાર્યમિત્રો માંથી નિરોણા હાઇસ્કૂલ ના વિષ્ણુ ચૌધરી અને શૈલેષ પરમારે સુંદર પરિણામ કેમ મેળવી શકાય તે માટેનું આયોજન વર્ણવ્યું હતું તથા સારસ્વતમ્ ટ્રસ્ટનો ઋણ સ્વીકાર કર્યો હતો. વિદ્યાર્થીમિત્રો માંથી વેદાંત નમસ્વી, લુહાર આફરીના તથા ઠક્કર મયંકે પોતાના પ્રતિભાવો રસપ્રદ શૈલીમાં આપીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને પોતાની શાળાના ગુરુજનો તથા સારસ્વતમનો ઋણ સ્વીકાર કર્યો હતો શરૂઆતમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનારાઓ તથા સંસ્થાને ઉપયોગી થનારાઓ પ્રકાશ પટેલ (ગાઈડ), અશ્વિન ડઉ (દયાપર), દિપેશ જોષી (મંજલ), નિતા દોશી, (માંડવી), દિપક ગોસ્વામી ( કોટડી મહાદેવપૂરી) , ડો બ્રિજરાજ રાવલ (કોડાય) તથા હરિરામ ચૌધરી (ભુજ) ને વિશેષ સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે શ્રી પ્રવીણભાઈ પોપટ – પ્રજ્ઞા બેન પોપટ દ્વારા સૌ માંડવીના એસ.એસ.સી.નાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.












મેનાબેન મોઢ, દિપ્તીબેન રાજુભાઈ, શાંતિલાલ ગણાત્રા, ચંદ્રસેન કોટક, વાડીલાલ દોશી, કૌશિક ગોકુલગાંધી, રામસંગજી જાડેજા, અરવિંદ શાહ, બિનોદ પાઠક, કવિતા શાહ, ભરત વોરા, દિલીપ મહેતા, મનોજ માકાણી, હિમતસિંહ જાડેજા, શીતલ બુદ્ધભટ્ટી, અનિલ ગાજરિયા, મહેશ સંપટ, જીવરાજ ગઢવી, જયેશ શાહ, સી.પી. મહેતા, તૃપ્તિબેન પંડ્યા, નિશાંત ગોકુલગાંધી, હેમાનીબેન જેસરાણી, ભક્તિબેન સોની, મલિક્કા દોશી, હિરેન સોનેતા, લક્ષ્મણ માંગલીયા, જીવરાજ ગઢવી, વિજયસિંહ જાડેજા, મીનાબા જાડેજા, વિ. ના કરકમળો થી પણ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. એવન ગ્રેડ વિદ્યાર્થીઓને સ્વ. સરલાબેન ગોરધન ઠક્કર તથા સ્વ. ટી. એમ. શેઠ પરિવાર, શેઠ ગોકલદાસ હંસરાજ મેમોરીઅલ ટ્રસ્ટ, શેઠ ખીમજી રામદાસ ટ્રસ્ટ દ્વારા વિશેષ ઇનામ આપવામાં આવેલ તથા સૌ સન્માનિતો ને વિ. આર. ટી. આઈ. દ્વારા પુસ્તકોથી સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુલેશ દોશી તથા આભારવિધિ શિવજીભાઇ આહિરે કરી હતી. કાર્યક્રમને સફળતા માટે નિતા દોશી, સમીર સાધુ, પ્રદીપ વોરા, દેવેન્દ્ર વ્યાસ, જયમીન દોશી, પચાણ ગઢવી, રમેશ મોતા, અશોકગીરી ગોસ્વામી, અખુભા રાઠોડ વિ. સહયોગી રહયા હતા.






# -: શ્રધ્ધા સુમન :-

સારસ્વતમ્ સંચાલિત શ્રી હરિદાસ પ્રધાન દામજી ભાનુશાલી હાઇસ્કૂલ – શિરવા (તા. માંડવી-કચ્છ) ના અંગેજી વિષયનાં મદદનીશ શિક્ષકશ્રી અનિમેષ કાન્તિલાલ રાવલનું તા.૨૦/૭/૨૦૨૫ ના રોજ દુ:ખદ નિધન થતાં સારસ્વતમ્ પરિવાર તેમને શ્રધ્ધા સુમન પાઠવે છે. તેઓ અંગ્રેજી વિષયના ખૂબ સારા શિક્ષક હતા પોતાના કાર્યકાળ દરમ્યાન એમના વિષયનું પરિણામ ૧૦૦% લાવવા હર-હમેંશ કટીબધ્ધ રહેતા અને સફળતા પણ પામતા. શિરવા હાઇસ્કૂલના ઇન્ચાર્જ આચાર્ય તરીકેનો ચાર્જ સંભાળીને શાળા વિકાસમાં મહત્વનું યોગદાન આપેલ હતું.



સ્વ. અનિમેષ કે. રાવલ

સારસ્વતમ્ શિરવા હાઇસ્કૂલના મદદ.શિક્ષક સ્વ. શ્રી અનિમેષ કે. રાવલનાં પેન્શનને લગતી ફાઈલ, ઉચ્ચક સહાય તથા જી.પી.એફ. ની ફાઈલ સંબધિત સરકારશ્રીની કચેરીએ સમયસર મોકલી આપવામાં આવેલ છે. જે પૈકી જી.પી.એફ. ની રકમ મંજૂર થઇ જતાં તેનો ચેક રાજેશ્વરીબેન રાવલને સંસ્થાના પ્રતિનિધિશ્રી તથા શિરવા હાઈ. ના આચાર્યશ્રી શૈલેષ પરમારે તેમના ઘેર જઇને સુપ્રત કર્યો હતો. સ્વ. શ્રી રાવલના પરિવારે સારસ્વતમ્ સંસ્થા તથા શાળાની ઝડપી કામગીરી બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ કામગીરી પૂર્ણ કરવા સંસ્થાના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રી શૈલેષ પરમાર તથા વહીવટી ક્લાર્ક મેઘજીભાઈ સોલંકીએ જહેમત ઉઠાવી હતી. જિ.શિ.શિક્ષણાધિકારીશ્રી સંજય પરમાર સાહેબ તથા તેમની કચેરીના સબંધિત ક્લાર્કશ્રીઓનો પણ સુંદર સહયોગ સાંપડ્યો હતો.



## સારસ્વતમ્ સંચાલિત ખાવડા હાઈસ્કૂલની મુલાકાતે અદાણી ફાઉન્ડેશનના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી વસંતભાઈ ગઢવી (IAS) તથા CSR હેડ પંક્તિબેન શાહ.

સારસ્વતમ્ સંચાલિત ખાવડા હાઇસ્કૂલ (તા.ભૂજ-કચ્છ) એ ૧૯૭૦માં સ્થપાયેલી શાળા છે જે સરહદી વિસ્તારો પૈકી એક છે. તે સ્થળે સારસ્વતમે આ શાળાની સ્થાપના કરી હતી. આ શાળા માધ્યમિક શાળા છે. ધો.૦૯ અને ૧૦ ના બે વર્ગોની સંખ્યા ૧૨૦ પર પહોંચ છે. ગામમાં સરકારી ઉ.માધ્યમિક શાળા પણ કાર્યરત છે.

ખાવડા હાઈસ્કૂલની મુલાકાતે એકાદ વર્ષ પહેલાં શ્રી ગઢવી સાહેબ આવેલા ત્યારે તત્કાલીન આચાર્યશ્રી ભરત ચૌધરીને શાળાની જરૂરિયાત વિશે પૂછ્યું હતું અને શાળા માટે શેડ તથા નાનું ગ્રાઉન્ડ છે જેમાં પેવર બ્લોક પથરાઈ જાય અને શાળાને કલરકામ થઇ જાય એ મારી પ્રાથમિક જરૂરિયાત છે ત્યારે તુરત જ શ્રી ગઢવી સાહેબે અદાણી ફાઉન્ડેશનમાંથી આ કાર્ય ઝડપથી પૂર્ણ કરી દેવાશે એવી હૈયાધારણ પાઠવી હતી.

જાન્યુ-૨૦૨૫ માં આ કાર્યનું ખાતમુહૂર્ત સંસ્થાના માનદમંત્રીશ્રી ડો. વિ. વિજયકુમાર તથા અદાણી ફાઉન્ડેશન ના ઇજનેરશ્રી વિજયભાઈના કરકમળોથી કરવામાં આવ્યું હતું. તેમની દેખરેખ હેઠળ આ કાર્ય સંપન્ન થયું અને નવરાત્રીમાં અદાણી ફાઉન્ડેશનના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી વસંતભાઈ ગઢવી અને CSR હેડ પંક્તિબેન શાહે ફરી શાળાની મુલાકાતે આવેલ હતા. સંસ્થાના વહીવટી અધિકારી મુલેશ દોશી અને ઈ.આચાર્યા શ્વેનીબેને તેમનું સ્વાગત કરેલ હતું. મુલેશ દોશીએ સંસ્થાના સ્થાપકોએ શરૂ કરેલી શાળાઓની વિગતો આપી હતી.

શ્રી ગઢવી સાહેબે જણાવેલ કે, “હું સારસ્વતમની ખૂબ નજીક રહ્યો છું. એમના સ્થાપનાના ઈતિહાસ થી પણ વાકેફ છું શાળાનું પરિણામ ૧૦૦% લાવવા અને સારસ્વતમની ગરિમા જાળવી રાખવા શાળા પરિવારને સૂચન કર્યું હતું.” સંસ્થાના આદ્ય સ્થાપક શ્રી તુલસીદાસ શેઠ, શ્રી ઝુમખલાલ મ્હેતાને યાદ કરીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. સુંદર શેડ તથા ઇન્ટરલોક નું કામ જોઇને ખુશી વ્યક્ત કરી હતી અને તત્કાલીન આચાર્યશ્રી ચૌધરીને પણ યાદ કર્યા હતા. CSR હેડ પંકિતબેને શાળાની વિધાર્થિનીઓ સાથે સંવાદ કર્યો હતો અને વિદ્યાર્થીઓને પોતાનું ધ્યેય નક્કી કરવાનું જણાવ્યું હતું. એસ.એસ.સી. થી જ પોતાનું ગોલ નકકી કરીને આગળ વધવાનું સૂચન કર્યું હતું.

શાળા પરિવારને પણ વિદ્યાર્થીઓ માટે આગળના અભ્યાસક્રમ બાબતે સંવાદ કરવાનું સૂચન કરેલ હતું. સંચાલન તથા આભારવિધિ જ્ઞાન સહાયક કરણ ઠક્કરે કર્યા હતા. કાર્યક્રમને સફળતા બક્ષવા વિજયભાઈ, યુવરાજસિંહ, સલીમ સમા, તથા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.








## સારસ્વતમ્ સંચાલિત ભાનુશાલી એચ.પી.ડી. હાઇસ્કૂલ – શિરવા (તા.માંડવી_કચ્છ) માં વૃક્ષારોપણ પ્રોજેક્ટ હાથ ધરાયો તથા તાલુકા કક્ષાના ૭૬માં વન મહોત્સવની ઉજવણી.

સારસ્વતમ્ સંસ્થાએ પોતાની વીસ જેટલી શાળાઓને બે વર્ષથી "વૃક્ષો વાવો ઓકસીજન લાવો" નું સૂત્ર આપીને વૃક્ષારોપણ કરીને, કરાવીને તેનું જતન કરવા આહવાન આપેલું. તે અંતર્ગત ગત વર્ષે તારીખ ૦૪/૦૮/૨૦૨૪ ના રોજ આ વિસ્તારના ધારાસભ્યશ્રી અનિરૂધ્ધ દવેની વિશેષ ઉપસ્થિતિમાં શાળામાં ૧૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ તેની જાળવણી માટે શિરવા ભાનુશાલી મહાજનના પ્રમુખશ્રી કિશોરભાઈ જોઇસર દ્વારા ડ્રીપ પધ્ધતિ (પાણીની ટપક પધ્ધતિ) ની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આ વૃક્ષોની જાળવણી થી અનેક વૃક્ષો ઉછેર પામ્યા છે. ચાલુ સાલે તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ ૭૬ માં વન મહોત્સવની ઉજવણી સરકારશ્રી – જંગલ ખાતું - માંડવી, સાથે રહીને કરવામાં આવી હતી. તે પ્રસંગે વિશેષ ઉપસ્થિતિમાં ધારાસભ્યશ્રી દવે, મામલતદારશ્રી જેઠવા, ભાનુશાલી શિરવા મહાજનના હોદેદ્દારશ્રીઓ, ગામના સરપંચશ્રી પરેશ ભાનુશાલી, સારસ્વતમ્ વહીવટી અધિકારી મુલેશ દોશી, તા.પં. પ્રમુખશ્રી કેવલ ગઢવી, કાઠડા સીટના સદસ્યશ્રી દેવાંધ સાંખરા, RFO શ્રીમતી જયાબેન ચૌધરી, શિરવા હાઈ. ના આચાર્યશ્રી શૈલેષ પરમાર, શાળા પરિવાર, જય માતાજી મંડળ શિરવાના ભાઈ - બહેનો, આજુબાજુ ગામના સરપંચશ્રીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. શિરવા મુક્તિધામ ખાતે ૧૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે તેનો ઉછેર પણ સારી રીતે થઇ રહયો છે. શાળાના વૃક્ષોની જાળવણી શિરવા હાઈ. પરિવાર – વિદ્યાર્થીમિત્રો દ્વારા થઇ રહી છે.





## સારસ્વતમ્ પ્રમુખશ્રીની અલગ અલગ શાળાઓની મુલાકાતે

## કોટડી(મહાદેવપુરી) હાઈસ્કૂલ

આજરોજ તારીખ ૨૭/૦૭/૨૦૨૫ ના સારસ્વતમ સંચાલિત કોટડી મહાદેવપુરી હાઈસ્કૂલમાં વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૬ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ વંદના તથા સ્નેહ મિલનનો કાર્યક્રમ સારસ્વતમ સંસ્થાના પ્રમુખ મહોદયા શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠના અધ્યક્ષસ્થાને તથા માનદમંત્રીશ્રી ડો. વિ. વિજયકુમારના અતિથિ વિશેષ પદે યોજવામાં આવ્યો. વિદ્યાર્થી મંડળના શ્રી કરમણભાઈ, દેવેન્દ્રસિંહ જાડેજા, રાજેશકુમાર ભટ્ટની રાહબારી નીચે ૨૫૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થી કાર્યક્રમમાં જોડાયા હતા. શાળાના આચાર્યશ્રી મહેશ જાડેજા દ્વારા આવકાર તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. નિવૃત્ત ગુરૂજનો કિરણભાઈ પટેલ, મહેશભાઈ ચાવડા, હમીરજી ખરાડી તથા લક્ષ્મણભાઈ ગઢવીની વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ વંદના સાથે સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી એ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે પ્રેરક ઉદ્‌બોધન આપ્યું. માનદ્‌મંત્રીએ આ મિલનને પ્રેરણાદાયી તથા શાળા સાથે જોડાવવા બદલ સૌનો આભાર માન્યો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શાળાને આર. ઓ. પ્લાન્ટ ની ભેટ આપવામાં આવી તથા ખૂટતી કડી માટે પણ પૂર્વ છાત્રો એ તૈયારી બતાવી તથા શાળા સમય ના સંસ્મરણો ને તાજા કર્યા. શાળાની કન્યાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું. સંસ્થાના પ્રમુખશ્રી નું સન્માન ગામના સરપંચશ્રી નિકેશ પરમાર તથા માનદ્‌મંત્રી નું સન્માન ગામના અગ્રણી યશપાલસિંહ જાડેજા એ કર્યું હતું.

સંચાલન શ્રી એન. આર. ગોર આભારવિધિ દિપક વિ. ગોસ્વામી તથા વ્યવસ્થામાં ઇનાબા જાડેજા જોડાયા હતા. શ્રી મુલેશભાઈ દોશી એ ટેલીફોનીક શુભેચ્છા પાઠવી હતી.






## મોથાળા હાઈસ્કૂલ

આજરોજ ૨૮/૦૭/૨૦૨૫ મોથાળા હાઇસ્કૂલ ખાતે સારસ્વતમ સંસ્થાના પ્રમુખ શ્રી વિજયલક્ષ્મી શેઠે શાળા નિરીક્ષણ કર્યું હતું . શાળાની કામગીરી થી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને એસ. એસ.સી. તથા એચ. એસ. સી. પરિણામની ટકાવારી હજુ વધે એ માટે રચનાત્મક સૂચનો કર્યા હતા. શાળા પરિવાર સાથે એક મિટિંગનું આયોજન પણ કરેલ. શાળામાં વોકેશનલ શિક્ષણ હેઠળ ચાલતા સીવણ વર્ગો તથા ઓટોમોટીવ કોર્ષ અંગે પણ જાણકારી મેળવી હતી. શાળા પરિવાર તરફથી કાજલબેને શ્રી વિજયાબેનનું સન્માન કર્યું હતું. પ્રમુખશ્રી શેઠ ના કરકમળો થી શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું.





## છસરા હાઈસ્કૂલ

આજ રોજ સારસ્વતમ્ સંસ્થાના પ્રમુખ શ્રી વિજયાલક્ષ્મીબેન શેઠ અમારી શાળા સારસ્વતમ સંચાલિત છસરા હાઈસ્કૂલ ની મુલાકાત લીધી. સ્ટાફ મિત્રો સાથે મીટીંગ કરી ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો. મીટીંગ માં નવા આવેલા સ્ટાફને શુભેચ્છા પાઠવી. સર્વે સ્ટાફ મિત્રો પણ બહેન સાથે મુલાકાત થતા ખુબ આનંદિત થયા.





## રામાણીયા હાઈસ્કૂલ

શ્રી સારસ્વતમ્ સંચાલિત શ્રી કે.જી.સાવલા હાઈસ્કૂલ - રામાણીયા હાઇસ્કૂલ (તા.મુંદરા-કચ્છ) ખાતે ઉચ્ચ.માધ્યમિક વિભાગ શરૂ થતાં તેમાં નિર્માણ પામનાર નૂતન ઉચ્ચ. માધ્યમિક ભવન જે શ્રીમતી કસ્તુરબેન વીરજી રાંભિયા પરિવાર દ્વારા બનાવાઈ રહયું છે જેનું ભૂમિપૂજન સારસ્વતમના પ્રમુખશ્રી વિજયાલક્ષ્મી શેઠ, માનદમંત્રી શ્રી ડૉ. વી. વિજયકુમાર, શાળાની વિદ્યાર્થિનીઓ, ગામના સરપંચશ્રી બળવંતસિંહ ગોહિલ વિ. ના કરકમળોથી કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે સાધ્વીશ્રી હંસશ્રી મહાસતીજીએ માંગલિકનું પઠન કરીને સરસ્વતીના આ પાવનકાર્યમાં આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે રામાણિયા જૈન મહાજનના અગ્રણીશ્રી મુકેશભાઈ છેડા, વિનયભાઈ ગાલા, દીપિકાબેન સાવલા, સુરેખાબેન ગાલા, સુરેન્દ્રસિંહ જાડેજા વિ. ગામના અગ્રણીઓ જોડાયા હતા. સારસ્વતમ્ પરિવાર પરત્વે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જયશ્રીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારના સંકલનથી કરાયું હતું.





## કોટડા (રોહા) હાઇસ્કૂલ

સારસ્વતમ્ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિજ્યાલક્ષ્મીબેન શેઠ તારીખ ૨૮/૦૭/૨૦૨૫ ના શાળાની મુલાકાત લીધી. શાળાની મુલાકાત દરમિયાન ખૂબ રાજીપો વ્યક્ત કર્યો. એચ.એસ.સી અને એસ.એસ.સી ના સુંદર પરિણામ બદલ તમામ સ્ટાફ મિત્રોને બિરદાવ્યા અભિનંદન આપ્યા. દર વર્ષે આવું પરિણામ આવે તેવી શુભેચ્છા પાઠવી. નવા નિમાયેલા સ્ટાફ ની નિમણૂક થતા બંને બહેનોને આવકાર્યા. અને શાળામાં કામ કરવાની ખૂબ મજા આવશે. તમામ સ્ટાફ મિત્રો ની મીટીંગ કરી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. નવા નિમાયેલા બંને સ્ટાફ બહેનો દ્વારા પુસ્તક આપી માનનીય પ્રમુખશ્રી નું સન્માન કરવામાં આવ્યું.



## દયાપર હાઈસ્કૂલ

આજરોજ સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ, દયાપર ખાતે સંસ્થાના પ્રમુખશ્રી વિજ્યાલક્ષ્મીબેન શેઠ અને તેમના બહેનશ્રી લતાબેન જોબનપુત્રા (U.S.A.) દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવી. તેઓએ શાળાના એસ.એસ.સી. અને એચ.એસ.સી. ના સારા પરિણામ માટે અભિનંદન આપ્યા અને શિક્ષકોને વધુ સારું પરિણામ લાવવા માર્ગદર્શન આપ્યું અને શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી અશ્વિન ડઉને હજુ વધુ પરિણામ લાવવાની પ્રેરણા આપી હતી અને વિદ્યાર્થીઓ પાસે વધુ કામગીરી કરાવી પરિણામ સુધારણા બાબતે સૂચના આપી હતી. ખૂબ ખૂબ આભાર ...





## નિરોણા હાઇસ્કૂલ

આજરોજ શ્રી સારસ્વતમ સંચાલિત શ્રી પૂંજા આણંદજી હાઇસ્કૂલ, નિરોણા શાળામાં આદરણીય અધ્યક્ષા શ્રીમતી વિજયાલક્ષ્મીબેન શેઠ શાળાની મુલાકાતે પધાર્યા હતા. શાળા પરિવાર દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

મુલાકાતની શરૂઆતમાં તેમણે સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં કે શાળાએ ધોરણ 10 અને 12માં સતત બીજાં વર્ષે પણ 100% પરિણામ મેળવી શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રગતિ દર્શાવી છે. આ સફળતામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલનનો મહત્વપૂર્ણ ફાળો છે તેવો તેઓએ ભારપૂર્વક ઉલ્લેખ કર્યો.

વિજયાલક્ષ્મીબેન શેઠે શાળાની વિવિધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું અને ખાસ કરીને અંગ્રેજી લેબોરેટરી, રમતગમત પ્રોજેક્ટ, તેમજ સોલાર પ્રોજેક્ટ અંગે માર્ગદર્શન આપ્યું. શિક્ષણમાં ગુણવત્તા અને આધુનિકતાની સમજ સાથે તેમણે ઉપયોગી સૂચનો આપ્યાં.

તેમણે શાળાના નૂતન મકાનના પ્રગતિશીલ નિર્માણકાર્યની પણ મુલાકાત લીધી અને તે અંગે સંતોષ વ્યક્ત કરતાં આવશ્યક સૂચનો આપ્યાં. તેમની સાથે વિદેશથી પધારેલ તેમના બહેનશ્રી લતાબેન જોબનપુત્રાનું પ્રખ્યાત રોગાન કલા ચિત્ર દ્વારા શાળા પરિવારે શુભેચ્છા સાથે ગૌરવભર્યું સ્વાગત કરેલ હતું.

આ મુલાકાત શાળા પરિવાર માટે ઉર્જાપ્રદ અને માર્ગદર્શક રહી, અને ભવિષ્યમાં વધુ નવિનતા, ગુણવત્તા અને સંસ્કારના સંકલન માટે પ્રેરણારૂપ સાબિત થશે. ગામના સરપંચશ્રી નરોતમભાઈ આહીર તથા અગ્રણી શ્રી કાનજીભાઈ ભાનુશાલી પણ હાજર રહેલાં.





## ઉડાન

મસ્તિકમાં આવતા વિચારોનું ધોડાપૂર આંખો દ્વારા વહી નીકળતું જ્યારે એ મકાન પાસેથી પસાર થતો. 'આપણે નવું બાંધશું હાલ ભાડે જતાં રહીએ' એવું કહીને ગયેલ દીકરો હજી સુધી પરત ફર્યો નહોતો. પાઈ-પાઈ એકત્ર કરી ઘર ચણાયું હતું. ખૂબ સંઘર્ષ કરીને પુત્રને ભણાવ્યો-ગણાવ્યો પણ આજે.....ભાડાના મકાનમાં ટીંગાડેલ કેલેન્ડરની તારીખ આવતી ને જતી. તારીખિયું બદલાતું પણ દીકરો બદલાઈને ન્યુઝીલેન્ડ થી પરત ફરે એ આશામાં આજે પાઠસ થયા હતા. શરીર લેવાતું જતું હતું. ધીમે-ધીમે અંગમાં રોગનો પગપેસારો થઈ રહ્યો હતો. ઘણા વર્ષો પછી આજે ઘંટડી રણકી. ફોન હતો પુત્રનો નહીં પણ પુત્રવધુનો. સામેથી બોલાયેલા શબ્દોથી ધ્યાન પાછું કેલેન્ડર તરફ ખેંચાયું.

એણે રિસિવર મૂકયું. બે ઘડી ખુરશી પર બેઠા-બેઠા આંખો બંધ કરી. નેત્ર ખોલતા તેણે એક દશ્ય જોયું, ચકલું બહાર જતું અને તણખલા વીણીને પરત આવતું આવો શ્રમ તે હોંશભેર અનેકવાર કરતું. થોડા સમય બાદ નળિયા પર એક સરસ માળો તૈયાર થયો. એ જોઈને થોડું હસ્યો પછી પાછો ઉદાસ થયો અને મનમાં બબડ્યો, ' મહેનત કરીને બાંધવાનું પછી ઉડવા માટે ઉછેરવાનું અંતેતો એને ઉડાન ભર્યા પછી પાછું નહીં આવવાનું ને !'.

### સુવિચાર

**પોતાનો રસ્તો જાતે નકકી કરો,
કારણ કે તમને તમારા કરતાં વધુ સારી રીતે
કોઈ ઓળખતું નથી.**

# સારસ્વતમ્ સંચાલિત છસરા હાઈસ્કૂલ

સારસ્વતમ્ સંચાલિત છસરા હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ ઉજવાયો હતો જેમાં મુખ્ય મહેમાનપદે માંડવી વિધાનસભાના ધારાસભ્યશ્રી અનિરુદ્ધ ભાઈ દવે હતા. શાળામાં સ્માર્ટ બોર્ડની વ્યવસ્થા જોઈને આનંદિત થયા હતા SMART BOARD LED પર પોતાના કરકમળોથી વિદ્યાર્થીઓને સંદેશો લખી આપ્યો હતો. શાળામાં તેમના તથા અન્ય પધારેલા મહેમાનોના કરકમળોથી વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. શાળાની સ્વચ્છતા તથા વિશાળ કેમ્પસ જોઈ આનંદની લાગણી અનુભવી હતી. શાળાના આચાર્યશ્રી જિજ્ઞેશ ભાડજા તથા શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.





**<u>સુવિચાર</u>**

**જીવનમાં આગળ વધવા માટે સંજોગોની નહીં,**
**પણ નકકર નિર્ણયની જરૂર હોય છે**
**હંમેશા પોતાની અંદરની શકિત પર ભરોસો રાખો.**

# સારસ્વતમ્ સંચાલિત ખાવડા હાઈસ્કૂલમાં

# વરસાદી પાણીના સંગ્રહ કામનું ખાતમુહૂર્ત

૮ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૫૦૦૦૦ લીટર વરસાદી પાણી ના સંગ્રહ માટે એગ્રો સેલ ફાઉન્ડેશન દ્વારા ખાતમુહૂર્ત એગ્રો સેલ ફાઉન્ડેશન ના હેડ નિલેશ સર સાથે ખાવડા સોલારીસ કંપની તરફથી દીપક ભાઈ, સરપંચ જેસંગ કોલી, પંચાયત સભ્ય અમીન મિસરી સમા અને વાયદ કરીમના સુમરા, યાકૂબ ખત્રી, એગ્રોસેલ ફાઉન્ડેશન ના સભ્ય અમરા ભાઈ, કો ઑડિનેટર સઈદ સમા કોન્ટ્રાકટર જાની સમા અને આચાર્ય સ્વેની ગોસ્વામી વગેરે હાજર રહ્યા હતા.



પાણી સંગ્રહની નવી પહેલ બદલ સારસ્વતમ્ પરિવારે એગ્રોસેલ ફાઉન્ડેશન તથા વી.આર.ટી.આઈ. સંસ્થા પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# સારસ્વતમ્ સંચાલિત નિરોણા હાઈસ્કૂલ

## જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝમાં નિરોણાની પી.એ. હાઈસ્કૂલની જ્વલંત સફળતા



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) તથા ટાટા કન્સલ્ટન્સી સર્વિસના સહયોગથી, કચ્છમિત્ર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભુજ દ્વારા જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ—૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝનો મુખ્ય હેતુ ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીઓમાં આઈ.ટી.વિષય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. આ સ્પર્ધામાં સારસ્વતમ્ સંચાલિત પી.એ.હાઈસ્કૂલ, નિરોણા-કચ્છની ચારેય વિદ્યાર્થિનીઓ ભાનુશાલી વંશી એન, આયર દેવીતા એન, ભાનુશાલી શ્રેયા એમ તેમજ આયર હેતલ આર શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ટોપ ૧૨માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતી.સ્પર્ધાના અંતે કુલદીપસિંહ સંધા (એક્સ એરફોર્સ ઓફિસર તથા લોકવિજ્ઞાન કેન્દ્ર કચ્છના સલાહકાર)ના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન પ્રવીણ મહેશ્વરી (જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર) દ્વારા કરવામાં આવ્યું હતું.આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સારસ્વતમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સરપંચ નરોત્તમ આહિર તેમજ ગ્રામ અગ્રણીઓ, શાળાના આચાર્ય ડૉ. વી.એમ. ચૌધરી તથા સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓ અને સહયોગી શિક્ષક કિશન પટેલને હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# શિક્ષકદિનની ઉજવણી




તા.૦૬-૦૯-૨૦૨૫

## વિષય :- ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન ઉજવણી અંગેનો અહેવાલ......

સારસ્વતમ્ સંચાલિત માતૃશ્રી આર.એચ.પી. ઉચ્ચ માધ્યમિક શાળામાં ૪ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૫ સપ્ટેમ્બરના રોજ ઈદની જાહેર રજા હોવાથી ૪ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમના સ્મરણમાં આ દિવસની ઉજવણી થાય છે તેવા ભારતના મહાન શિક્ષણશાસ્ત્રી અને પૂર્વ રાષ્ટ્રપતિ 'ભારતરત્ન' ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણજીની જન્મ જયંતીના દિવસને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.






## गुरुब्रह्मागुरुविष्णुं, गुरुदेवोमहेश्वरा, गुरुसाक्षात्परब्रह्म, तस्मैश्रीगुरुवेनमः

આ શ્લોકને સાર્થક કરતા આ દિવસની ઉજવણી શાળામાં કરવામાં આવી હતી. શાળામાં ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ પૈકી ૩૮ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક બની અને રાષ્ટ્રનિર્માણમાં શિક્ષકના મહત્વને સાર્થક કરવા સ્વયંશિક્ષક દિનની ઉજવણી કરી હતી. સવારના સમૂહ પ્રાર્થનાથી જ સ્વયં શિક્ષક અને આચાર્ય બનેલ વિદ્યાર્થીઓ એક દિવસની પોતાની શિક્ષક તરીકેની ફરજને સંભાળીને કાર્યની શરૂઆત કરી હતી. શાળાના આચાર્ય સાહેબ તેમજ શિક્ષકો પાસેથી માહિતી તેમજ માર્ગદર્શન લઈને શિક્ષણકાર્યની શરૂઆત કરી હતી.





સવારના પ્રથમ તાસ થી છ તાસ સુધી વિદ્યાર્થી શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય કરાવામાં આવ્યું હતું. ત્યારબાદ છેલ્લા ૨ તાસમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા તેમના પોતાના અનુભવ આધારિત પ્રતિભાવો શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમક્ષ રજુ કર્યા હતા. ખાસ કરીને બધા વિદ્યાર્થી શિક્ષકો પૈકી ૨ વિદ્યાર્થીનીઓ પોતે જે ધોરણમાં ભણે છે એનાથી ઉપરનાં ધોરણમાં વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. ધોરણ ૯ માં ભણતી વિદ્યાર્થીની ૧૦ માં ધોરણમાં ભણાવ્યું હતું અને ધોરણ ૧૧ માં ભણતી વિદ્યાર્થીની ૧૨ માં ધોરણમાં ભણાવ્યું હતું. આ સમગ્ર આયોજનમાં એક દિવસના શિક્ષક બનેલા વિદ્યાર્થી શિક્ષકો અને વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બધાને આનંદ થયો હતો. આખો દિવસ હર્ષ અને ઉલ્લાસથી પસાર થયો હતો. વિદ્યાર્થી શિક્ષકોએ આયોજનને પાર પાડ્યું હતું. આ સમગ્ર આયોજનની ગોઠવણી શાળાના શિક્ષકશ્રી મનસુખભાઈ હાલાઈ અને કાજલબેન શેલડીયા દ્વારા કરવામાં આવી હતી. શાળાના તમામ શિક્ષકો આ આયોજનને પાર પાડવા જહેમત ઉઠાવી હતી.

# વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન

તા. ૨૫-૦૮-૨૦૨૫

## વિષય:- અનુસુચિતજાતિના યુવક – યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર

સારસ્વતમ્ સંચાલિત માતૃશ્રી આર.એચ.પી. ઉચ્ચ્તર માધ્યમિક શાળા મસ્કા ખાતે તા.૨૨-૦૮-૨૦૨૫ અને તા.૨૩-૦૮-૨૦૨૫ એમ બે દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી કચ્છ-ભુજના આદેશ અનુસાર મસ્કા હાઈસ્કૂલના આચાર્યશ્રી મયુરભાઈ રાવલના માર્ગદર્શન અને એમના નેતૃત્વ હેઠળ તાલુકા કક્ષાની અનુસુચિતજાતિના યુવક-યુવતીઓ માટેની વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને સરસ્વતી વંદનાથી થઇ હતી. દીપ પ્રાગટ્યમાં વાલી મંડળના પ્રમુખ નાથાણી જીજ્ઞાબેન, બ્રમાકુમારી સંસ્થામાંથી પધારેલા શીલા દીદી તથા એમની સાથે પધારેલા મીરાબેન ગોર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા સાથે શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલ અને મ. શિ. શાંતિલાલ પટેલ દીપપ્રાગટ્યમાં જોડાઈને કાર્યક્રમની શરૂઆત કરી હતી.

તાલીમના પ્રથમ શેસનમાં યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષિકાબેન શ્રી અરુણાબેન પટેલ યોગને લીધે શરીરની તંદુરસ્તી, શારીરિક-માનસિક શાંતિ તેમજ સ્વસ્થજીવન માટેની અનેક માહિતી માર્ગદર્શન આપ્યા બાદ સૌ યુવક-યુવતીઓને યોગાસન કરાવ્યા હતા.








તાલીમના બીજા શેસનમાં વ્યક્તિત્વ વિકાસ અને વ્યક્તિ ઘડતરથી કુટુંબ, સમાજ, દેશનો સર્વાંગીવિકાસ થાય એ અનુલક્ષીને માહિતી માર્ગદર્શન આપવા માટે મસ્કા ગામની ભાગોળે ચાલતી આઈ.ટી.આઈ. સંસ્થામાંથી શ્રી સચિન સાહેબ પધાર્યા હતા. યુવા વર્ગને ખુબ જ ઉપયોગી થાય અને પોતાની પાસે રહેલી સ્કીલને વધુને વધુ ઉપયોગમાં લઈને પોતાનો વ્યક્તિ વિકાસ કરે જેનો લાભ સૌ કોઈને મળે એવું ખુબ ઉપયોગી અને પ્રેરણાદાયી માર્ગદર્શન અને માહિતી આપી હતી.

તા. ૨૩-૦૮-૨૦૨૫ શનિવારના તાલીમના બીજા દિવસના શેસનમાં માંડવી તાલુકા અને મસ્કા ગામની નજીક ચાલતી મરીન & સાયન્સ કોલેજના અધ્યાપકશ્રી ડૉ. દિલીપભાઈ કાટલીયા સાહેબ પધાર્યા હતા. સાથે CRC કો-ઓર્ડીનેટર શ્રી યોગેશભાઈ મહેતા સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલે પધારેલા બંને મહાનુભાવોનું સાલ અને પુસ્તક દ્વારા સન્માન કર્યું હતું. વ્યક્તિત્વ વિકાસ, વ્યક્તિ ઘડતર, સ્કીલનો વિકાસ, પર્સનાલિટી વિકાસ જેવા અનેક રીતે ઉપયોગી એવા માર્ગદર્શન સાથે સફળ લોકોના અનેક ઉદાહરણો આપી યુવક અને યુવતીઓને માહિતીથી તરબોળ કર્યા હતા.

આ બે દિવસની તાલીમનું સમગ્ર આયોજન શાળાના શિક્ષક શ્રી શાંતિલાલ પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ શાળાના શિક્ષક શ્રી મનસુખભાઈ હાલાઈએ કરી હતી અને સૌ યુવક-યુવતીઓને વ્યક્તિવિકાસથી પોતાનો અને દેશનો વિકાસ થાય એના માટેના સૂચનો આપીને પધારેલા મહેમાનોનો સંસ્થા વતી, શાળા પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમગ્ર શાળાની ટીમ આયોજનને સફળ બનાવવા સહયોગી બનીને જહેમત ઉઠાવી હતી.

# રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગીતા વર્ષ

તા.૦૮-૦૮-૨૦૨૫

## વિષય: રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગિતામાં માંડવીની શાળાના સ્પર્ધકો પૈકીમાં મસ્કા હાઈસ્કૂલની સ્પર્ધક દીકરીઓનું સ્થાન અંગેનો અહેવાલ........

તા. ૦૭-૦૮-૨૦૨૫ ના રોજ માંડવી તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓ માટે માંડવી શિશું મંદિર શાળા ખાતે ભારત વિકાસ પરિષદ માંડવી શાખા દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમુહગાન માટે શાળામાં પૂર્વ તૈયારી માટે શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલ સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયારી કરવામાં આવી હતી. જેમાં હિન્દી અને સંસ્કૃત ગીત ગાયન સ્પર્ધા હતી. આ સ્પર્ધામાં મસ્કા હાઈસ્કૂલના સ્પર્ધકો દ્વારા હિન્દી ગીત "ધરતી કી શાન..." અને "સંસ્કૃત ગીત" વંદેમાતરમ " ગીતનું ગાયન કરવામાં આવ્યું હતું જેમાં મસ્કા આર.એચ.પી. હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ તમામને શિશું મંદિર શાળા માંડવી ખાતે આયોજકો તેમજ પધારેલા મહાનુભાવો ના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી અને સન્માનવામાં આવ્યા હતા.



શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલે તેમજ શાળાના શિક્ષકો દ્વારા તમામ સ્પર્ધક દીકરીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમુહ ગાનની તૈયારી શાળાના શિક્ષિકાબેન કાજલબેન શેલડીયા અને શિક્ષકશ્રી હરજીભાઈ મુંધુડાએ કરાવી હતી.

**સુવિચાર**

**એકવાર હાર્યા બાદ ફરીથી પ્રયત્ન કરવામાં ડરશો નહીં, કેમકે આ વખતની શરૂઆત શૂન્યથી નહીં પણ અનુભવથી થશે.**

# સારસ્વતમ્નું ગૌરવ

સારસ્વતમ્ સંચાલિત ભાનુશાલી એચ.પી.ડી. હાઇસ્કૂલ – શિરવા તા. માંડવી-કચ્છમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં અભ્યાસ કરી ગયેલા પૂર્વ છાત્ર શીરૂ અનીશ મામદભાઈનું રણજી ટ્રોફી – સૌરાષ્ટ્ર ઝોનમાં પસંદગી પામતાં શાળા અને સારસ્વતમ્ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે બચપણથી જ ક્રિકેટનો શોખ હતો શાળા કક્ષાએ પણ સુંદર દેખાવ કરતાં અનીશે વધુ અભ્યાસ માંડવી નજીક મસ્કા MCA કોચ શાંતિલાલ પટેલ પાસે ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી કોચીંગ લીધું હતું બચુભાઈ રાંભીયા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ત્રણ વર્ષની સિઝન બોલથી તાલીમ મેળવ્યા બાદ વડોદરા ખાતે યુસુફ પઠાણ, ઈરફાન પઠાણ, મુનાફ પટેલ, રશીદ પટેલ જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતમાન ખેલાડીઓ પાસેથી તાલીમ મેળવી અને કોચ મહેંદી શેખ ( બરોડા ક્રિકેટ ક્લબ) પાસે સફળતાપૂર્વક તાલીમ પાર પાડી. તેમના કાકા મલેકભાઈએ સ્થાનિકે જણાવેલ કે, સફળતા પાછળ માંડવી ધારાસભ્યશ્રી દવે તથા મેનેજર જયદેવ શાહનું પણ સારું માર્ગદર્શન તથા સહકાર મળેલ, હવે અનીશ સૌરાષ્ટ્રની રણજી ટ્રોફીમાં જોડાઈને ભારત દેશનું નામ રોશન કરે તેવી સારસ્વતમ્ પરિવાર વતીથી શુભકામનાઓ પાઠવીએ છીએ.



**શીરૂ અનીશ મામદભાઈ**

# રક્ષાબંધન ઉજવણી

ભાઈ – બહેનના પવિત્ર પ્રેમ “રક્ષાબંધન” ની સારસ્વતમની તમામ શાળાઓમાં ઉજવણી કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓએ હોંશભેર જાતે રાખડી બનાવીને સાથે ભણતા પોતાના ભાઈઓનાં કરે રક્ષા કવચ બાંધીને આ પવિત્ર તહેવારની ઉજવણી કરી અને પોતાના ભાઈઓને શુભકામનાઓ પાઠવી હતી તેની તસ્વીરી ઝલક ......









## સંસ્થાને મળેલ ડોનેશનની વિગત
## જુલાઈ - ૨૦૨૫ થી સપ્ટેમ્બર - ૨૦૨૫

| ક્રમ | દાતાશ્રીઓનું નામ | રકમ(રૂ.) | ડોનેશનની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રી જયંતભાઈ અમ્રતલાલ જોબનપુત્રા - મુંબઈ | ૧૦,૦૦,૦૦૦૦ | કોર્પસ ફંડ (હેતુસર) |
| ૨ | શ્રી સંજય એસ. ઝવેરી - મુંબઈ | ૨૦,૦૦૦ | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે |
| ૩ | શ્રીમતી પ્રજ્ઞાબેન પ્રવીણભાઈ પોપટ - માંડવી | ૫,૦૦૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૪ | શ્રી ગૌરવભાઈ ડી. મશરૂવાલા - મુંબઈ | ૧,૦૦,૦૦૦ | બિલ્ડીંગ ફંડ |
| ૫ | શ્રીમતી મિનાક્ષીબેન એલ. ચુડાસમા - માંડવી | ૫,૦૦૦ | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે |
| ૬ | શ્રી ગોકલદાસ હંસરાજ મેમોરિયલ ટ્રસ્ટ - માંડવી | ૨,૫૦૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૭ | શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠ - અમદાવાદ | ૩૫,૦૦૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૮ | શેઠ શ્રી ગોકલદાસ ખીમજી અને મથરાદાસ ખીમજી મસ્કતવાલા ચેરીટેબલ ટ્રસ્ટ - માંડવી | ૨,૨૦૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૯ | શ્રી કૈલેશભાઈ વસંતભાઈ દોશી - માંડવી | ૧,૨૫૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૧૦ | શ્રી પચાણ ડી. ગઢવી - માંડવી | ૨૫૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૧૧ | શ્રી મુલેશ કે. દોશી - માંડવી | ૨૫૦ | તેજસ્વી તારલાઓને પ્રાઈઝ માટે |
| ૧૨ | શ્રી શાંતિલાલ વલ્લભદાસ ગણાત્રા - માંડવી | ૨૫૦ | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૧૩ | શ્રી અનિલભાઈ એમ.ગાજરિયા - માંડવી | ૧,૦૦૦ | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૧૪ | શ્રી વિપુલ આર. ઠકકર - માંડવી | ૨,૫૦૦ | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૧૫ | શ્રી કપિલ એમ. ગોર -માંડવી | ૨,૫૦૦ | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૧૬ | શ્રી પારસ ડિફેન્સ એન્ડ સ્પેશ ટેકનોલોજીસ લિમિટેડ - નવી મુંબઈ | ૬,૦૦,૦૦૦ | રામાણીયા સ્કૂલ બિલ્ડીંગ ધો. ૧૧-૧૨ નૂતન ભવન |
| ૧૭ | શ્રી સંજયશરણ આર. શ્રીવાસ્તવ - મોથાળા | ૫,૦૦૦ | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે |
| ૧૮ | શ્રી નિલયભાઈ વી.. અંજારિયા - ન્યુ દિલ્હી | ૨૫,૦૦૦ | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે |
| | કુલ્લ :- | ૧,૦૮,૦૭,૭૦૦ | |

### સુવિચાર

**જીવનમાં શું થશે તે વિચારવામાં સમય બગાડો નહીં, જો તમને કંઇ નહીં મળે તો એક નવો અનુભવ મળશે.**

# પ્રતિભાવ

ભુજ, તા.૧૬/૦૮/૨૫
ગોકુળાષ્ટમી - ૨૦૮૧

પરમાદરણીય બન્ધુવર રસેશ રાવલજી તથા મુલેશ દોશીજી.
સાદર પ્રણામ

સરસ્વતી, અંબિતમે દેવિના સાકાર સંપર્ક જેવું ' સારસ્વતમ્ ' સંસ્થાનું મુખપત્ર ' સંપર્ક ' દષ્ટિસમક્ષ છે.

ઉપલબ્ધ સંસાધનો અને માહિતીના સમ્યક્ વહીવટ અને સંપાદનનો યશસ્વી અને બહોળો અનુભવ જેમની પાસે છે એવા આપ બન્ને મહાનુભવોએ વિગતોને સર્વગ્રાહી રીતે પ્રસ્તુત કરી આ અંકને સ્મરણીય -સંગ્રહણીય બનાવ્યો છે. આપને એ બદલ હાર્દિક અભિનંદન.

સંસ્થા, સમગ્ર કચ્છમાં ઉત્તરોત્તર પ્રગતિશીલ રહયાનો પુરાવો આ અંક છે, સહુને વધાઇ સાદર નમન !.

વિનિત.
(જયંતી જોષી 'શબાબ')

## સુવિચાર

**જયાં સુધી તમે પોતાના પર વિશ્વાસ નહીં કરો,**
**ત્યાં સુધી ભગવાન પણ**
**તમારા પર વશ્વાસ નહીં કરી શકે.**
**- સ્વામી વિવેકાનંદ**

# પ્રતિભાવ

આદરણીય પ્રમુખશ્રી સારસ્વતમ્

માન. શ્રીમતી, વિજયાબેન શેઠ (I.P.S) તથા ટ્રસ્ટીગણ મુલેશભાઈ દોશી વહીવટી અધિકારીશ્રી સારસ્વતમ્ માંડવી-કચ્છ

ખૂબ ખૂબ ધન્યવાદ સાથેના હૃદયના અભિનંદન લખપત થી રાપર તાલુકા સુધીના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ જેટલી હાઇસ્કૂલો ચલાવી સાધનો દ્વારા સંચાલન કરીને ઉચ્ચત્તમ રીઝલ્ટ લાવવા બદલ ફરીથી ઓવારણા.

વર્ષમાં એકવાર શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સન્માન સમારંભમાં હાજરી આપવાનું થાય ત્યારે સારસ્વતમ્ ના છાત્રોમાં ટેલેન્ટ તો છે જ પરંતુ તેને બહાર લાવવામાં સંચાલનની માંડવીની ઓફિસની કાર્યવાહી તથા શિક્ષકો તથા વાલીઓનો ફાળા સહિતની વિદ્યાર્થીઓની મહેનત કાબીલે દાદ છે. તેમને પણ ધન્યવાદ

૯૩% ટકા સુધીના પરીણામો લાવવાએ કોઈ નાની વાત નથી છાત્રોની પોતાની મહેનત શિક્ષકનો વિદ્યા પ્રત્યેનો અભિગમ સાથે વાલીઓના ભણતર પ્રત્યેના રૂચીનુ પરીણામ છે. આવા કચ્છ જીલ્લામાં ડંકો વગાડે તેવા રીઝલ્ટના આંકડાના કારણે જ કદાચ ટ્રસ્ટીગણ અકલ્પનીય લેવાના હકદાર બન્યા છે. જે ખુબ જ જરૂરી છે કારણ ઉચ્ચ પ્રકારના કહી શકાય તેવા રીઝલ્ટથી જ રૂા. સવા બે કરોડ જેટલું ડોનેશન મેળવવામાં સંચાલનગણના ટ્રસ્ટીશ્રીઓ સફળ રહયા છે.

ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ પણ છે કે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને PGVCL ના CRS ફંડ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને રૂપિયા ૮૦,૮૨૦૦૦/ના દાન દ્વારા ૬ તાલુકાની ૯૩ શાળાના વિદ્યાર્થીઓને બુટ - મોજા - સ્વેટર આપવામાં આવ્યા જે ખુબ જ મોટી વાત છે.

ખરેખર આટલું સુંદર મોટી રકમનું દાન મેળવવું અઘરી વાત છે આટલું ઉચ્ચત્તમ કહી શકાય તેવું રીઝલ્ટ લઈ આવવું અને દર વખતે બહુમાનના કાર્યક્રમમા હાજર રહેવાનું થાય ત્યારે રીઝલ્ટ મેળવી ખૂબ જ ઉંચી ટકાવારી લઈ પરીક્ષામાં પાસ થાય ત્યારે સારસ્વતમ્ સંસ્થામાં અભ્યાસ કરતા છાત્રોમાં કોઈ હિન્દુ કે લઘુમતી છાત્રોનો જરા પણ ભેદ નજરે ચટતો નથી આવી ઉચ્ચ પ્રકારની કાર્યવાહીને જોતાં સારસ્વતમ્ના સ્વ.અગ્રણીઓ ખુશ થતા હશે.

આભાર,
વાડીલાલ બી.દોશી
પ્રમુખ માંડવી ચેમ્બર

માંડવી તા ૨૫-૦૮-૨૦૨૫
સોમવાર

# નમ્ર અપીલ

સારસ્વતમ સંચાલિત ગ્રામ્ય વિસ્તારની વીસ શાળાઓના આર્થિક નબળા વિદ્યાર્થીઓ કે જેઓ કોમ્પ્યુટર ફી, વોકેશનલ ટ્રેનીંગ ફી કે અન્ય ખર્ચ જેવો કે બસ પાસ, સ્ટેશનરી, નોટબુક, સંદર્ભ પુસ્તકો, માટે ફી ભરી શકતા નથી તે માટે સંસ્થાએ "વિદ્યાર્થી દત્તક યોજના" શરૂ કરેલ છે.

વિદ્યાર્થી દીઠ માત્ર રૂા. ૨૫૦/- માસિક ખર્ચ થાય તેમ છે. દસ માસના ૨૫૦ x ૧૦ = ૨૫૦૦/- વિદ્યાર્થી દીઠ છે.

એ રીતે મુંદરા તાલુકાની ૧૦૨ આંગણવાડીઓમાં કુપોષિત – અતિ કુપોષિત બાળકો માટે વધારાના પોષણ આહાર માટે, એમની નિયમિત મેડીકલ તપાસ, દવા, વિ. ના ખર્ચ માટે પણ તમો સહાયભૂત થઇ શકો છો. એક લાભાર્થી દીઠ રૂા. ૧૫૦/- જેટલો માસિક ખર્ચ, દસ માસના રૂા. ૧૫૦ x ૧૦ = ૧૫૦૦/- ખર્ચ થાય.

સંસ્થાને આપવામાં આવતું દાન 80G હેઠળ કરમુકિતને પાત્ર છે. સંસ્થાનું UPI સ્કેનર પણ આપેલ છે. સહાયભૂત થઈને મોબાઈલ નંબર ૯૮૨૫૫ ૯૦૬૬૫ મુલેશ. કે દોશી ને જાણ કરવી અથવા મેસેજ કરવા વિનંતી છે.

